**ફોજદારી કેસ નં.૦૭/૨૦૨૬.**

**ભાયાવદરના મહે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટ, મુકામઃઉપલેટા.**

**આંક–૦૧ તળે હુકમ.**

**ફરિયાદીઃ– શ્રી સરકાર.**

**વિરુદ્ધ**

**આરોપીઃ– જયરાજસિંહ બળદેવસિંહ ચુડાસમા**

**ગુનોઃ– ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબ.**

૧. **આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** આ કામના આરોપીએ પોતાના કબજામાં દેશી દારૂ રાખી પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરિયાદ કરવામાં આવેલી. **તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમા ચાર્જશીટ કરવામાં આવેલ છે.**

૨. **આરોપીને અદાલત સમક્ષ રજૂ કરતા** તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવે છે અને તેઓને ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતાં તેઓને ગુનો કબૂલ હોવાનુ જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબૂલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે. **ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબૂલ હોવાનુ જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબૂલાત પુરસીસ આપેલ છે.**

૩. **આરોપીએ એવી રજૂઆત કરેલ છે કે,** તેઓ ખૂબ જ ગરીબ વર્ગના છે. તેઓના ઘરમા પોતાના સિવાય કોઈપણ ઈસમ કમાનાર નથી. હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહિ. તેઓએ પોતાને સુધરવાની એક તક આપવા આજીજી કરેલ છે. જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. **વધુમાં આરોપીએ જણાવેલ છે કે,** સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો તેઓ કલેઈમ કરવા માગતાં નથી.

૪. **નામદાર વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરીચંદ્ર ઠાકોરના કેસમાં સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,** જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતોને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમા કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા અને દંડ કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ આ અદાલતનું માનવુ છે. **જેથી સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

//હુકમ//

- આથી આ કામના આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪** અન્વયે **ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ)(એ)** મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી, આરોપીને **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ** તથા **કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.** અને જો આરોપી દંડ ન ભરે તો આરોપીને **દિન–૦૨ની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- **આ કામે કબજે કરવામાં આવેલ પ્રોહિબિશન અંગેના મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવો.**

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૨૧, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૨૧/૦૪/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ભાયાવદર.
**UIC–GJ**01515.